

# રાજાલાલ (minivet)

રાજાલાલ કોઈ પંખીનું નામ હોઈ શકે ? એ તો કોઈ ભાઈનું નામ હોય એવું લાગે! પણ ના, રાજાલાલ ખરેખર પંખીનું નામ છે. આ સાવ નવી જાતનું પંખી છે. આ પંખી પાતળી કાયાનું, મધ્યમ કદનું છે. તે સમૂહમાં રહેનારું વૃક્ષચારી પંખી છે. તેનો મુખ્ય ખોરાક જીવાત છે.

**પંખી લોક**

★ પ્રવીણ સરવૈયા

આપણે ત્યાં રાજાલાલની જે જાતો જોવા મળે છે તે આ છે : ૧. નાનો રાજાલાલ (Small Minivet) તે સમગ્ર ગુજરાતમાં જોવા મળતું સ્થાનિક પક્ષી છે. ૨. શ્વેત પેટાળ રાજાલાલ (White-bellied Minivet) તે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના શુષ્ક-કાંટાળા વિસ્તારોમાં જોવા મળે છે. ૩. નારંગી રાજાલાલ (Orange / Scarlet Minivet) તે ગીર અને દક્ષિણ ગુજરાતના ભેજવાળા જંગલો તેમજ વીડ વાડી અને બાગબગીચામાં વસે છે. ૪. લાંબી પૂંછડીવાળો રાજાલાલ (Long-tailed Minivet) તે શિયાળામાં હિમાલય તરફથી આવતું યાયાવર (Migratory) પક્ષી છે અને ૫. ગુલાબી રાજાલાલ (Rosy Minivet) તે રેર સ્થળાંતરિત પક્ષી તરીકે દેખાયેલ છે.

નારંગી રાજાલાલ બુલબુલથી જરા નાના કદનું સુંદર પંખી છે. પુખ્ત વયના નર પંખીનો રંગ ઉપરથી ચળકતો કાળો અને નીચેના ભાગે ઘેરો લાલચટાક છે. પાંખ કાળી, પણ વચ્ચે લાલ ધાબું છે. માદાનો માથાનો પાછળનો ભાગ રાખોડી રંગનો છે. ગરદનનો ભાગ પીળો અને કાળી પાંખમાં પીળા રંગના બે પટ્ટા છે. આ રીતે નર અને માદાના રંગોમાં ભિન્નતા જોવા મળે છે.

રાજાલાલ ઘટાદાર વૃક્ષોની ટોચે પાંચ-સાતના સમૂહમાં જોવા મળશે. શિયાળાની ઋતુમાં તેની ટોળીમાં સંખ્યા વધી જાય છે. ઘણી વખત પુખ્ત વયના નરનું ટોળું જુદું હોય છે અને માદા તથા બચ્ચાંનું ટોળું જુદું હોય છે. તેઓ વૃક્ષની સાવ ઉપરની ડાળીએ રહે છે. તેઓ અજંપાભરી ઊડાઊડ કે ઠેકડા માર્યા કરે છે. તેઓ એક ઝાડમાંથી બીજા ઝાડમાં એકબીજાની પાછળ ઊડાઊડ કરે છે, તેની આ રમત જોવા જેવી હોય છે. નરનો સુંદર નારંગી રંગ સૂર્યપ્રકાશમાં લીલાં પાંદડાંની વચ્ચે બહુ શોભી ઊઠે છે, જેમ લીલાછમ જાસૂદના છોડને લાલચટાક ફૂલો બેસે ત્યારે જે ભભકદાર કૉન્ટ્રાસ્ટ સીન રચાય છે, તેમ રાજાલાલ લીલાં વૃક્ષોમાં શોભે છે. રાજાલાલ પાંખો ફફડાવીને ઝળૂંબી રહે છે, જેનાથી જીવાત ઊડે છે અને તેને તે આરોગી જાય છે.

તે કરોળિયા અને જીવડાં ખાય છે. ફ્લાઈકૅચર પક્ષીઓની જેમ તે હવામાંથી પણ જીવાત પકડી લે છે. તે પોતાનો ખોરાક વૃક્ષોનાં પાંદડાં અને નવા અંકુરોમાંથી મેળવે છે, તેથી વૃક્ષોના વિકાસને નડતરરૂપ જીવાતને ભક્ષીને વૃક્ષઉછેરમાં બહુ મહત્ત્વનું કામ કરે છે. રાજાલાલનું ટોળું વૃક્ષમાં ફરતું હોય ત્યારે 'વ્હીટી...' એવી મધુર સંગીતમય અવાજ આવ્યા કરે છે. માળાની ઋતુમાં તે જોડીમાં દેખાય છે. જ્યાં ઝાડી-ઝાંખરાંની બાજુમાં વાડી હોય ત્યાં એ વધુ જોવા મળે.

તેઓ મોટાભાગે ઝાડની ઊંચી ડાળીઓ કે વૃક્ષોના છત્ર પર જોડીમાં અથવા નાની ટોળીઓમાં રહેવાનું પસંદ કરે છે. ચૈત્રથી અષાઢ માસ તેના માળાની ઋતુ છે. વૃક્ષની ડાળી ઉપર કે બે ડાળીની ખાંચમાં નાનકડો મજાનો સુંદર માળો હોય છે. તે કરોળિયાના જાળાં, શેવાળ અને ઝાડની છાલનો ઉપયોગ કરીને નાની સુઘડ વાટકી જેવો માળો બનાવે છે, જે વૃક્ષ સાથે ભળી જાય છે. માળામાં મૂળિયાં અને રેસા પણ હોય છે. માળા બે ઈંચ જેટલો પહોળો અને એકાદ ઈંચ ઊંડી વાટકી જેવો મજબૂત હોય છે. બહારના ભાગે કરોળિયાનાં ઈંડાંનાં ખાલી ખોખાં ચોંટાડેલાં હોય છે. તેમાં માદા આછા લીલા અને લવન્ડર રંગનાં છાંટણાંવાળાં ઈંડાં મૂકે છે.

જ્યારે નાના રાજાલાલના નરનો રંગ કાળો, રાખોડી અને રાતો છે. માદા પીળા, કાળા અને રાતા રંગની છે. બધા રાજાલાલની પૂંછડી લાંબી હોય છે. પૂંછડી સહિત નાના રાજાલાલનું કદ લગભગ છ ઈંચ અને કેસરી/નારંગી રાજાલાલનું કદ નવ ઈંચ જેટલું છે. કેસરી રાજાલાલ સઘન વૃક્ષોવાળા પ્રદેશમાં વસવાટ કરે છે, જ્યારે નાનો રાજાલાલ બગીચામાં અને સૂકા, પાંખા જંગલમાં રહે છે. રાજાલાલ ઊજળા રંગનાં સુંદર પક્ષીઓ છે. દુનિયાભરમાં વધતાં જતાં પ્રદૂષણને લીધે પક્ષીઓની અમુક જાતિ પર ખતરો ઊભો થયો છે. દેશમાં હાલ સિત્તેરથી વધારે જાતનાં પક્ષીઓનું અસ્તિત્વ જોખમમાં છે. આપણી કોઈ પણ પ્રવૃત્તિ વડે ઓછામાં ઓછું પ્રદૂષણ ફેલાય અને પ્રકૃતિનું હિત જળવાય એ સમગ્ર માનવજાતિ માટે ઉપકારક છે.




## પાછલા એક્સલ સાથે જોડાયેલું નાનું પૈડું શું છે?

શું

તમે ક્યારેય મહિન્દ્રા સ્કોર્પિયોના નીચલા ભાગમાં, ખાસ કરીને પાછલા એક્સલ પાસે એક નાનું પૈડું કે રોલર જેવી રચના જોઈ છે?

ઘણા લોકો તેને માત્ર એક સામાન્ય પાર્ટ અથવા કોઈ ડિઝાઈન કમ્પોનન્ટ ગણે છે. પરંતુ વાસ્તવમાં, આ નાનું દેખાતું કમ્પોનન્ટ વાહનની સુરક્ષા અને તેને પલટી જતાં અટકાવવામાં બહુ મોટી અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ચાલો વિગતવાર સમજીએ કે આ નાનું પૈડું શું છે, તે કેવી રીતે કામ કરે છે અને સ્કોર્પિયો જેવી મોટી SUV માટે તે શા માટે વરદાનરૂપ છે.

કોઈપણ SUV વાહન સામાન્ય હેચબેક કે સીડાન કાર કરતાં અલગ હોય છે. SUVની મુખ્ય ખાસિયત તેની ઊંચાઈ અને તેનો વધારે 'ગ્રાઉન્ડ ક્લિયરન્સ' છે. ગ્રાઉન્ડ ક્લિયરન્સ વધારે હોવાને કારણે વાહન ખરાબ રસ્તાઓ પર સરળતાથી ચાલી શકે છે, પરંતુ તેની એક નકારાત્મક બાજુ પણ છે.

ઊંચાઈ વધારે હોવાના કારણે વાહનનું સેન્ટર ઓફ ગ્રેવિટી જમીનથી ઘણું ઊંચું જતું રહે છે. જ્યારે વાહન વધુ સ્પીડમાં હોય અને ડ્રાઈવર અચાનક તીવ્ર વળાંક (Sharp Turn) લે અથવા અચાનક સ્ટીયરીંગ મોડે, ત્યારે સેન્ટ્રીફ્યુગલ ફોર્સને કારણે વાહનનું સંતુલન બગડી શકે છે. સેન્ટર ઓફ ગ્રેવિટી ઊંચું હોવાને લીધે કાર એક બાજુ નમી જાય છે અને આવી સ્થિતિમાં વાહન પલટી જવાનું જોખમ અનેકગણું વધી જાય છે. મહિન્દ્રાના એન્જિનિયર્સે સ્કોર્પિયોના હાઈ સેન્ટર ઓફ ગ્રેવિટીના આ પડકારને પહોંચી વળવા માટે એક ખૂબ જ ચતુર અને મિકેનિકલ ઉકેલ શોધ્યો છે, જેને આપણે પાછલા એક્સલ સાથે જોડાયેલા 'નાના પૈડાં' અથવા 'રોલિંગ પ્રોટેક્શન મિકેનિઝમ' (અથવા એન્ટી-રોલ વાઈબ્રેશન ડેમ્પનર/ગાર્ડિંગ રોલર) તરીકે ઓળખી શકીએ છીએ. આ કમ્પોનન્ટ સામાન્ય રીતે પાછળના એક્સલ અને ચેસિસની વચ્ચે એવી રીતે સેટ કરવામાં આવે છે કે તે વાહનની મુવમેન્ટ પર સતત નજર રાખે છે. આ નાના પૈડાંનું મુખ્ય કામ વાહનને અચાનક નમતું કે અસંતુલિત થતું રોકવાનું અને એક્સલ તેમજ બોડી વચ્ચેના અંતરને કંટ્રોલ કરવાનું છે.

જ્યારે કાર બહુ તીવ્ર વળાંક લે છે, ત્યારે સસ્પેન્શન એક બાજુથી દબાય છે અને બીજી બાજુથી ઊંચું થાય છે. આ નાનું પૈડું એક 'લિમિટર' તરીકે કામ કરે છે.



તે પાછલા એક્સલને એક મર્યાદાથી વધુ નમવા દેતું નથી, જેથી કારનો ઉપરનો ભાગ સીમા બહાર નમે નહીં. જ્યારે કાર અત્યંત ખરાબ રસ્તા, ખાડાઓ કે ઓફ-રોડિંગ પર હોય, ત્યારે આ નાનું પૈડું એક્સલને સીધું બોડી સાથે કે જમીન સાથે અથડાવા દેતું નથી. જો વાહન વધુ પડતું નમી જાય, તો આ પૈડું વધારાનું ઘર્ષણ સહન કરીને વાહનને સીધું રાખવાનો પ્રયાસ કરે છે. સ્કોર્પિયો જેવા ભારે વાહનોમાં પિચિંગ અને રોલિંગ મોશન વધારે હોય છે. આ નાનું પૈડું લેટરલ મૂવમેન્ટને કંટ્રોલ કરીને વાહનને સ્થિરતા આપે છે. આજના આધુનિક યુગમાં મહિન્દ્રા સ્કોર્પિયો-N કે નવી સ્કોર્પિયો ક્લાસિકમાં ESP (Electronic Stability Program) અને ROM (Roll Over Mitigation) જેવી ઈલેક્ટ્રોનિક સુરક્ષા સિસ્ટમ્સ પણ આવે છે. પરંતુ ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સેન્સર અને બ્રેક્સના આધારે કામ કરે છે, જ્યારે આ નાનું પૈડું એક ભૌતિક સુરક્ષા પ્રદાન કરે છે. ઈલેક્ટ્રોનિક્સ અને મિકેનિકલ સેટઅપની આ જુગલબંધી સ્કોર્પિયોને ભારતના સૌથી અઘરા રસ્તાઓ પર પણ એક અદભૂત ગ્રીપ અને સેફ્ટી આપે છે. નાનું દેખાતું આ કમ્પોનન્ટ ઈમરજન્સીની સ્થિતિમાં વાહનને જમીન સાથે જકડી રાખવામાં, બોડી રોલ ઘટાડવામાં અને વાહનને પલટી જતું અટકાવીને અંદર બેઠેલા મુસાફરોના જીવની રક્ષા કરવામાં અત્યંત નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તે સાબિત કરે છે કે સુરક્ષા માટે માત્ર મોટી એરબેગ્સ કે ઈલેક્ટ્રોનિક્સ જ નહીં, પરંતુ આવી નાની-નાની મિકેનિકલ સૂઝબૂઝ પણ એટલી જ મહત્વની હોય છે.